RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 192 Date: 03.05.2024 Friday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

### ખડગેએ ફરીથી પીએમ મોદીને પત્ર લખ્યો

## તમે ખૂબ જ હતાશ અને નિરાશ થઈ ગયા છો. આ કારણે તમે એવી ભાષાનો ઉપયોગ કરી રહ્યા છો જે વડાપ્રધાન પદની ગરિમાની તદ્દન વિરુદ્ધ છે



નવીદિલ્હી,તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત કોંગ્રેસ પર ‘પોતાની વોટ બેંક‘ને ખુશ કરવાનો આરોપ લગાવી રહ્યા છે. આને મુસ્લિમ વોટ બેંકનો સીધો સંદર્ભ માનવામાં આવે છે, જે દાયકાઓથી કોંગ્રેસને વોટ આપી રહી છે. હવે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પત્ર લખીને પીએમને જવાબ આપ્યો છે. ખડગેએ કહ્યું કે અમારી વોટ બેંક દરેક ભારતીય છે. પત્રને ટ્વીટ કરતાં ખડગેએ આજે લખ્યું કે, ‘પ્રિય વડા પ્રધાન, મેં તમારો પત્ર જોયો છે જે તમે એનડીએના તમામ ઉમેદવારોને લખ્યો છે. હતાશામાં, તમે એવી ભાષાનો ઉપયોગ કરી રહ્યા છો જે વડા પ્રધાનને શોભતી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૭ મેના રોજ લોકસભાની ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવારોને પત્ર લખ્યા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદીને પત્ર લખ્યો. તેમના પત્રમાં, તેમણે કહ્યું કે ઉમેદવારોને તેમના પત્રની ભાષા ×વડાપ્રધાનની સ્થિતિને અનુરૂપ નથી×. તેમના અંગત પત્રમાં, પીએમ મોદીએ ભાજપના ઉમેદવારોને કોંગ્રેસ અને તેના સાથી પક્ષોના ×વિભાજનકારી× અને ×ભેદભાવપૂર્ણ× ઈરાદા વિશે મતદારો સાથે વાત કરવા કહ્યું હતુ કે તેઓ એસસી, એસટી અને ઓબીસી અનામતને ×છીનવી× અને તેમની વોટ બેંકમાં આપે. મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદીને લખેલા પોતાના બીજા પત્રમાં કહ્યું કે મતદાતા એટલા બુદ્ધિશાળી છે કે તેઓ પોતે વાંચી અને સમજી શકે છે કે કોંગ્રેસે તેના ઘોષણાપત્રમાં શું લખ્યું છે અને અમે કઈ ગેરંટી આપી છે.

તેમણે લખ્યું કે પત્રના સ્વર અને વિષયવસ્તુ પરથી એવું લાગે છે કે તમારામાં ઘણી નિરાશા અને ચિંતા છે જે તમને એવી ભાષાનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે જે વડા પ્રધાનના કાર્યાલય માટે યોગ્ય નથી. પત્ર પરથી એવું જણાય છે કે તમારા ભાષણોમાંના જૂઠાણાની તમે જોઈતી અસર નથી થઈ રહી અને હવે તમે ઈચ્છો છો કે તમારા ઉમેદવારો તમારા જૂઠાણાંને વિસ્તૃત કરે.

તેમણે કહ્યું કે અમારી ગેરંટી એટલી સરળ અને સ્પષ્ટ છે કે અમારે તેમને સમજાવવાની જરૂર નથી. તમને જણાવી દઈએ કે આ પહેલા ૨૫ એપ્રિલના રોજ ખડગેએ પીએમ મોદીને એક પત્ર લખ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે તેમને ×કોંગ્રેસના મેનિફેસ્ટો વિશે ખોટી માહિતી આપવામાં આવી છે× અને તેમને ×અમારા મેનિફેસ્ટો વિશે વ્યક્તિગત રીતે સમજાવવા× માટે પણ કહ્યું હતું તેને, જેથી તે ભવિષ્યમાં કોઈ ખોટું નિવેદન ન આપે. ,

આ પછી કોંગ્રેસના વડાએ વિવિધ હેડ હેઠળ તેમની પાર્ટીની ×ગેરંટી× સમજાવી. તેમણે લખ્યું, યુથ જસ્ટિસ અમે આ દેશના યુવાનોને નોકરીની ખાતરી આપીએ છીએ જે તમારી નીતિઓને કારણે સૌથી ખરાબ બેરોજગારીથી પીડાઈ રહ્યા છે. કોંગ્રેસે યુવાનોને આશ્વાસન આપ્યું- પ્રથમ નોકરી નિશ્ચિત છે. નારી ન્યાય - આપણા દેશની મહિલાઓ અને છોકરીઓને સશક્ત બનાવવા માટે જેઓ તમારા નેતાઓ અને તેમની માનસિકતા દ્વારા અભૂતપૂર્વ જુલમનો સાક્ષી છે. ખેડૂત ન્યાય - ખેડૂતોને સશક્ત કરવા માટે કે જેમને તેમના વાજબી ભાવની માંગ માટે ગોળી મારીને મારવામાં આવ્યો હતો. શ્રમ ન્યાય - તમારી સૂટ-બૂટ સરકારની નીતિઓને કારણે વધતી જતી મોંઘવારી અને આવકની અસમાનતાથી પીડાતા કામદારો અને કામદારોને સશક્તિકરણ. સ્ટેકહોલ્ડર જસ્ટિસ - ગરીબોને સશક્તિકરણ કે જેઓ તેમના અધિકારોને પાત્ર છે અને તેનાથી ઓછા કંઈ નથી. અમારી ગેરંટી બધા માટે ન્યાય છે.મલ્લિકાર્જુન ખડગેએ પણ વડાપ્રધાન દ્વારા ઉઠાવવામાં આવેલા અનામતના મુદ્દાને રદિયો આપ્યો હતો. તેમણે લખ્યું કે તમારા પત્રમાં તમે દાવો કરો છો કે એસસી, એસટી અને ઓબીસી પાસેથી અનામત છીનવીને અમારી વોટ બેંકને આપવામાં આવશે. અમારી વોટ બેંક દરેક ભારતીય છે - ગરીબ, હાંસિયામાં ધકેલાઈ ગયેલા, મહિલાઓ, મહત્વાકાંક્ષી યુવાનો, કામદાર વર્ગ, દલિત અને આદિવાસીઓ. બધા જાણે છે કે આરએસએસ અને ભાજપે જ ૧૯૪૭થી દરેક તબક્કે અનામતનો વિરોધ કર્યો છે. દરેક વ્યક્તિ જાણે છે કે આરએસએસ અને ભાજપ જ અનામતને ખતમ કરવા બંધારણમાં ફેરફાર કરવા માંગે છે. છછઁ નેતાઓએ આ અંગે ખુલીને વાત કરી છે. તમારે એ સમજાવવાની જરૂર છે કે તમે અમારા બંધારણની કલમ ૧૬ મુજબ જીઝ, જી અને ૈંઝ માટે તેમની વસ્તીના આધારે આરક્ષણનો વિરોધ કેમ કરો છો.કોંગ્રેસ અધ્યક્ષે પીએમ મોદી પર ×સંપત્તિ પુનઃવિતરણ× નીતિઓના આરોપો પર પણ પ્રહારો કર્યા હતા કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો તે લાવશે. તેમણે કહ્યું કે તમારા પત્રમાં તમે કહ્યું છે કે લોકોની મહેનતની કમાણી છીનવીને આપી દેવામાં આવશે. ગુજરાતના ગરીબ દલિત ખેડૂતો પાસેથી છેતરપિંડી કરાયેલા અને ચૂંટણી બોન્ડ તરીકે આપવામાં આવેલા રૂ. ૧૦ કરોડ પરત કરવા માટે હું તમને વિનંતી કરવા તમારી પાર્ટીને વિનંતી કરવા આ તક લેવા ઈચ્છું છું. તમારી પાર્ટીએ વિવિધ કંપનીઓ પાસેથી ‘ગેરકાયદેસર અને ગેરબંધારણીય’ ચૂંટણી બોન્ડ દ્વારા ડોનેશન-ડુ-ડીલ, કોન્ટ્રાક્ટ-લે-લાંચ, ગેરવસૂલી અને નકલી કંપની રૂટ અને સ્કીમનો ઉપયોગ કરીને રૂ. ૮,૨૫૦ કરોડ એકત્ર કર્યા હતા. ૮,૨૫૦ કરોડ રૂપિયામાંથી તમે ઓછામાં ઓછા ૧૦ કરોડ રૂપિયા આ દલિત પરિવારને પરત કરી શકો છો.



વસુધાની છે વસમી વેળા, થઈ ઉજાગર આજ સીધાઓ જેમની પાસેથી સંસ્કાર-રુપી સાધના મળી છે તેવા પરમ શ્રધ્ધેય વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના અતુલભાઇ દીક્ષિતને આશીર્વાદ પ્રાપ્ત થયા.. ખબર અંતર પૂછ્યા. ધન્યતા અનુભવી

## દર્શકોની વાહ વાહ ઝીલતો કાર્યક્રમ "ગુણવંતુ ગુજરાત"




૧ મેં ૨૦૨૪નાં રોજ ગુજરાત રાજ્યનાં સ્થાપના દિને રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હેઠળની ગુજરાત સંગીત નાટક અકાદમીના આર્થિક સહિયોગ તેમજ બી.એસ.ઈવેન્ટ ભાવનગરના સંયુક્ત ઉપક્રમે શિશુવિહાર ભાવનગર ખાતે યોજાઈ ગયેલ ગરવી ગુજરાતના ગુજરાતી ગીતોનો કાર્યક્રમ અદભુત સફળતાને વરી દરેક ગીતોમાં દર્શકોની વાહ વાહ ઝીલતો રહ્યો હતો અને ફરી આવો કાર્યક્રમ યોજાય તેવી લાગણી ઉપસ્થિત શ્રોતાઓ મારફત વ્યક્ત થતી હતી. સ્વાતિ પાઠક, શ્યામ મકવાણા અને જય ઢાપાની ગાયક ત્રિપુટીએ પ્રેક્ષકોને અંત સુધી જકડી રાખ્યા હતા જ્યારે જલદીપ શાહનું સંગીત સંચાલને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.કાર્યક્રમના અધ્યક્ષસ્થાને જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી મેસવાણિયા, ઉદઘાટક તરીકે કલાપથ સંસ્થાનાં પ્રમુખ મનુભાઈ દીક્ષિત,"ડીગાજી" અને અતિથિવિશેષ તરીકે કવિશ્રી હિમલભાઈ પંડયા અને ઉદ્યોગપતિશ્રી ધીમંતભાઈ રાડીયા તેમજ સપ્તધ્વનિ કલાસંસ્થા સુરતનાં શ્રી હેમાંગભાઈ વ્યાસ ઉપસ્થિત રહયા હતા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કુશલ દીક્ષિત અને કલાપથ સંસ્થા તેમજ કાળાતળાવ શકિતમંડળના કલાકારોએ જહેમત ઉઠાવી હતી

## લ્યો કરો વાત પાટણ લોક સભા ની બેઠક પર કોંગ્રેસ ના ચંદન જી ના અદ્ભૂત વિચારો

લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કા નૂં મતદાન અગામી ૭મી મે ના રોજ.યોજાઇ રહ્યું છે. ત્યારે કોંગ્રેશ ભાજપ ના ઉમેદવારો દ્વારા પ્રચાર નો ધમધમાટ શરૂ કર્યો છે. પરંતુ મતદારો ને રીઝવવા માં નેતા વાણીવિલાશ કરવામાં ભાન ભૂલી જતા હોય જેની અસર સીધી મતદારો પર પડતી હોય છે. ભાજપના પીઢ નેતા તેમની વાણી વિલાશના કારણે આજે એક સમાજ ના માનસ પટ પર ગંભીર અસરો પડી છે. ત્યારે ગુજરાત માં ગત વિધાનસભા ની ચૂંટણી સમયે પાટણ જિલ્લાના એક બેઠક પર ઉમેદવારી કરતા એક ઉમદેવારે તેમની ચૂંટણી પ્રચાર દરમિયાન ગંભીર વાણી વિલાશ કરતો કોથિત વિડીયો ફરતો થયો હતો અને તે ઉમેદવાર ને તેમની વાણીવિલાસનો ભોગ બનવું પડ્યું હતું ત્યારે આજ ઉમેદવાર પાટણ લોકસભા ની બેઠક પર કોઈ એક પક્ષ તરફથી ઉમેદવારી કરી રહ્યા છે. ત્યારે ફરીવાર તેમનો ભૂતકાળમાં વાણીવિલાસ કરાયેલ કથિત વિડીયો સોશ્યલ મિડીયા માં ધુમ મચાવી રહ્યો છે. ત્યારે તેમની અને તેમન પક્ષની કેવા પ્રકારની માનસિક તા હશે જે પ્રદર્શિત થતાં આતો રાજકારણીઓ છે ખુરશી બચાવવા કે મેળવવા ગમે તે બોલી કે કરી શકે તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. ખરેખર આવી માનસિકતા ધરાવતા નેતા ઓ ને ઓળખી લેવા જોઈએ તેવો કચવાટ મતદારો માં ઉઠવા પામ્યો છે



પાટણ જિલ્લાના હારીજ તાલુકાના સોઢવ ગામ ના યુવા અગ્રણી અને મહેસાણા સાબરકાંઠા અને સુરેન્દ્રનગર જિલ્લા ના પ્રાભારી દેસાઇ નિતીનકુમાર ઈશ્વર ભાઈ એ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ને તેમના સાબરકાંઠા જિલ્લા ના ચૂંટણી પ્રવાસ દરમિયાન હિંમતનગર હેલીપેડ પર આવ્યા ત્યારે યુવા અગ્રણી નિતીનભાઈ દેસાઇ દ્વારા સ્વાગત કરાતાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ સાબરકાંઠા મહેસાણા અને સુરેન્દ્નનગર જિલ્લા ની ચૂંટણીલક્ષી વિગતો મેળવી હતી



***આજનો વિચાર***

જવાબ આપતા તો આપણને પણ આવડે છે પણ શું કરીએ સંસ્કાર કાદવ કિચડ માં પથ્થર ફેંકવા નથી દેતું..
ભગવાન અને પોતાના પર અચૂક વિશ્વાસ રાખજો કારણકે એક સમય એવો આવશે વહાલા કે...ઘડિયાળ બીજાની હશે અને સમય આપણો ચાલતો હશે

- MANNISH *( MINTOO )*

**તંત્રી લેખ......**

# ભેળસેળ પર સવાલ

એનું આશ્ચર્ય નહીં કે હોંગકોંગ અને સિંગાપોરમાં ભારતની બે કંપનીઓના મસાલામાં કથિત રીતે કેન્સરકારક તત્ત્વો મળી આવવા અને તેના પર પ્રતિબંધ લગાવ્યા બાદ અમેરિકા પણ આ કંપનીઓના મસાલાની તપાસમાં જોડાઈ ગયું છે. આવનાર દિવસોમાં એવા સમાચારો અન્ય દેશોમાંથી પણ આવી શકે છે. અંદેશો એનો પણ છે કે મસાલાની સાથે ભારતીય કંપનીઓના અન્ય ઉત્પાદનોની ગુણવત્તાને લઈને પણ સવાલ ઉઠી શકે છે. જેમ જેમ ભારતીય ઉત્પાદનોની નિકાસ વધશે, તેમ તેમ તેમણે આવી પરેશાનીઓનો સામનો કરવો પડી શકે છે. હાલમાં એ કહેવું મુશ્કેલ છે કે હોંગકોંગ અને સિંગાપોર દ્વારા એમડીએચ અને એવરેસ્ટના મસાલાને લઈને જે ફરિયાદ કરવામાં આવી, તે કેટલી સાચી છે, પરંતુ એ યોગ્ય રહેશે કે એ તમામ ભારતીય કંપનીઓ સચેત થઈ જાય, જે પોતાનાં ઉત્પાદનોની નિકાસ કરે છે. તેમની ગુણવત્તાની ગહન પરખ થવાની સાથે સાથે પ્રતિસ્પર્ધા અથવા ઈર્ષ્યાવશ પણ તેમને કઠેરામાં ઊભી કરી શકાય છે. એનાથી સંતુષ્ટ ન થવાય કે હોંગકોંગ અને સિંગાપોર દ્વારા પગલાં ભર્યા બાદ ભારતીય મસાલા બોર્ડ સાથે ભારત સરકાર પણ સક્રિય થઈ, કારણ કે એ તો પહેલેથી જ સુનિશ્ચિત કરવું જોઈતું હતું કે જે મસાલા નિકાસ થઈ રહ્યા છે, તેમની ગુણવત્તા યોગ્ય છે કે નહીં?એ માનવાનાં ઘણાં કારણો છે કે એફએસએસએઆઈ એટલે કે ભારતીય ખાદ્ય સુરક્ષા માપદંડ પ્રાધિકરણ પોતાનું કામ યોગ્ય રીતે નથી કરી રહ્યું. એ હાલમાં ત્યારે ઈંગિત થયું હતું, જ્યારે બહુરાષ્ટ્રીય કંપની નેસ્લેના ઉત્પાદન સેરેલેક વિશે જાણવા મળ્યું હતું કે તેમાં ખાંડની માત્રા ક્યાંય વધારે છે.




## "લોકશાહીનાં શસ્ત્ર મતદાન અને માહિતી અધિકાર"

# કરોઃ મતદાન અને આરટીઆઇ જરૂર કરો. આ ૧૩ મુદ્દાની માહિતી જરૂર માગજો ભુલશો નહી

દિપક પટેલ "શિક્ષક "આરટીઆઈ એકટ રિફોર્મ મુવમેન્ટ ઇન્ડિયા.સંયોજક.

મતદાન કરવું અને માહિતી માગવી એ આપણો સંવિધાનિક અધિકાર છે. માહિતી શામાટે માગી?શું કરશો? કોને મત આપ્યો? એ પૂછવાની ગુસ્તાખી કરવાની કોઈને સત્તા નથી.

આઝાદી મળી બાદ પ્રજાસત્તાક બન્યાં અને મત અધિકાર મળ્યો, લાંબી લડત બાદ લોકશાહીના પ્રાણ, ધબકાર સમો માહિતી અધિકાર અધિનિયમ આપણને ૨૦૦૫માં મળ્યો. સાચી આઝાદી, સ્વતંત્રતામાં જે બાકી રહી ગયું હતું એની પૂર્તતા સરકારશ્રીએ કરી.

કરવી પડી એ અનેક આંદોલનજીવી સીવીલ સોસાયટી ને આભારી છે. એ વખતે કેન્દ્રમાં સંવાદમાં વિશ્વાસ ભરોસો રાખતી,સમાવેશી યુપીએની સરકાર હતી.

વિપક્ષે સંસદ અને સંસદ બહાર હલ્લાબોલ કરી ભારતની જનતાને જાણવાનો અધિકાર,કાયદો, જાહેરનામું,નિયમો,અનેક જોગવાઈઓ સંવિધાનિક રીતે અપાવી હતી.

આ કાયદો અમલમાં મુકવામાં આવ્યો અને અનેક ભ્રષ્ટાચારી અધિકારીઓ અને રાજકારણીઓ ટપોટપ ખુલ્લાં થવા લાગ્યા.

સાંપ્રત સમયમાં આ કાયદા ઉપર લોકતાંત્રિક રીતે અલોકતાંત્રિક અંકુશ લાદવામાં આવી રહ્યો છે.

માહિતી કમિશનરોની નિમણુંક અને છટણીની નીતિ રીતી અનેક સવાલો ઉભા કરે છે.

માહિતી કમિશનરો પણ કાયદાનું મનસ્વી અર્થઘટન કરી રહ્યા છે.

માહિતીના અરજદાર કરતાં માહિતી અધિકારીઓ અને એના ઉપરી અપીલ અધિકારીઓની સાયકલ એવી છે કે અરજદાર બચારો ગમે તેટલું દોડે આ લોકોની સાયકલની રેસમાં અરજદારને ઠેસ ઉપર ઠેસ ઠોકર જ વાગે છે.

કોઈને પણ તકલીફ ના આપશો. હેરાનગતિ થાય, સરકારી કચેરીઓ અને એમાં ફરજ બજાવતા જન સેવકોનો સમય, શક્તિ ના બગડે, એ એક નાગરીક તરીકે આપણી ફરજ છે.

મિત્રો માહિતીની અરજી કરો ત્યારે નીચેના મુદ્દાઓ ની માહિતી ખાસ માગજો. જેથી કોઈ વિવાદ, અપિલ કે ફરિયાદને અવકાશ ન મળે.

માહિતીના મુદ્દા

(૧) આપની કચેરીના સેવા સંસ્થા મંડળના હાલમાં કાર્યરત ફરજનિષ્ઠ માહિતી અધિકારી અને મદદનીશ માહિતી અધિકારીનું નામ સરનામુ અને કચેરી નો ફોનનંબરની માહીતી આપશો.

(૨).
અમારી આ માહિતીની અરજીના તમામ મુદ્દાથી અમોએ માંગેલી માહિતી વર્ષોવર્ષા રેકર્ડ સાચવવાની પ્રણાલી તથા અને એની શ્રેણી મુજબ જે પણ જાહેર સેવકની જવાબદારી હોય, નિભાવવાની, સાચવવાની,રખેવાળી કરવાની જેમની પણ જવાબદારી હોય એ જવાબદારી સંભાળતા જાહેરસેવકના નામ ની માહીતી આપશો.

(૩).
અમારી માગેલી માહિતી મુદ્દાસર, આરટીઆઇ એકટ સૂચિત નિયત નમૂના પત્રમાં આપવા વિનંતી.

(૪)
અમારી આ માહિતીની અરજી ના તમામ મુદ્દાના માહિતીના જે પણ કાગળો તૈયાર થાય એ તમામ કાગળની સંખ્યાની માહિતી મુદ્દાસર જણાવશો.

(૫).
અમારી આ અરજીનો નોંધ નંબર, નોંધ તારીખ લખી જણાવશો.

(૬).
અમોએ માંગેલી માહિતી જો અન્ય જાહેર સેવા સત્તા મંડળના કાર્યક્ષેત્રની હોઈ તો નિયત નમૂના પત્રમાં દિન પંચની અંદર અરજી તબદિલ કરી એ તબદિલ પત્રની માહિતી અમોને દિન પાંચની અંદર મોકલી આપશો.

(૬).
જો અમોએ માગેલી માહિતી આપના જાહેર સેવા સત્તા મંડળમાંથી ગુમ થઈ ગઈ હોય, ઉપલબ્ધ ન હોય તો જે અધિકારી જન સેવકના કાર્ય સમય દરમ્યાન ગૂમ થઈ ગઈ હોય, નાશ કરવામાં આવી હોય એ અધિકારી જન સેવકના નામ, સમયની માહીતી આપશો. અને માહિતી નાશ નિકાલ કરવામાં આવેલ એ સમયના રોજકામ પત્રની પ્રમાણીત નકલથી માહિતી આપશો.

(૭).
જો અમોએ માગેલી માહિતી કોઈ ત્રાહિત પક્ષકારની અંગત માહિતી હોય તો નિયમ મુજબ એમનાં વિરોધ, સંમતિ , વાંધા લેખીત મંગાવી એ પત્રની માહિતી તાર્કીક કારણો, પૂરાવા સાથે આપશો.

(૮).
આપના ઉપરી પ્રથમ અપિલ અધિકારીના નામ, ઈમેઈલ ,સરનામાંની માહિતી આપશો.

(૯).
રાજ્ય માહિતી આયોગ કમિશનર ના સરનામાં,ઈમેઈલ, ફોન નંબરની માહિતી આપશો.

(૧૦).
આપ આપના જાહેર સેવા સત્તા મંડળના આરટીઆઇ સેલના એકાઉન્ટ નંબર નામની માહીતી આપશો.
આપની કચેરીમાં માહિતીના દસ્તાવેજના ચાર્જ રકમ જમા કરાવવા કરેલાં આયોજન,વ્યવસ્થાની માહિતી આપશો.

(૧૧).
અમો કોઈ કાયદાનાં વિદ્યાર્થી નથી માટે માત્ર આરટીઆઇ એકટની જુદી જુદી કલમના નંબર લખવાને સ્થાને સ્પષ્ટરીતે તાર્કિક કારણ અને આરટીઆઇ એકટની કલમની સ્પષ્ટ જાણકારી માહિતી આપશો.

(૧૨).
જો કોઈ અદાલત, માહિતી આયોગ દ્વારા અમોએ માગેલી જે માહિતી આ અરજીના અન્ય મુદ્દામાં લખી માહિતી માગી છે એ બાબતે માહિતી જાહેર કરવા બાબત પ્રતિબંધ લગાવ્યો હોય તો એ આદેશ, ચુકાદા, ઠરાવ,જાહેરનામાના પત્રોની પ્રમાણીત નક્લોથી માહિતી આપશો.

(૧૩).
અમારી આ અરજીની માહિતી ત્રીસ દિવસની અંદર આપવાનો સામાન્ય નિયમ છે, એ સમય મર્યાદા જે તારીખે પૂર્ણ થતી હોય એ તારીખની માહિતી આપશો.

(૧૪)
(૧૫)
(૧૬)
(૧૭).
મુદ્દા (૧૪) પછી આપ ક્રમશઃ નંબર લખી માહિતી માટે અરજી કરો.

જે પણ પ્રત્યુત્તર આવે એ ટપાલના કવર સાચવી રાખવા.

ટપાલ સ્વીકાર કરો ત્યારે ટપાલી ભાઈ બહેનના રજીસ્ટરમાં ટપાલ મળ્યાંનો સમય અને તારીખ નોંધ અવશ્ય કરજો.

અનેક અરજીઓ અપીલની સુનાવણીઓ,આયોગમાં ઉઠતાં સવાલો અને વિશાળ અનૂભવ પછી અમો દિપક પટેલ શિક્ષક આરટીઆઈ કાનૂનના આભારી સમર્થક આપને આ અખબારી અહેવાલથી તકેદારી રાખવા, સાવધાની રાખવા એક વિનમ્ર પ્રયાસ કરી રહ્યા છીએ.

આશા છે આટલી સાવધાની રાખવાથી આપનો, માહિતી અધિકારીનો અને અપિલ અધિકારીનો અમૂલ્ય સમય, શક્તિ અને જાહેર સંપદાનું રક્ષણ થાશે.

ઉપરોક્ત મુદ્દાની માહિતી પ્રમાણીત કરીને કરાવીને આપવાં વિનંતિ છે તેમજ આ અરજી માહિતીનાં દસ્તાવેજની ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી કરવાં કે રૂબરુ રેકર્ડ નિરીક્ષણ જાત તપાસ કરવા માટેની નથી એ અવશ્ય લખજો.

મિત્રો અમોએ મુદ્દા એક થી તેર જે ક્રમમાં લખ્યા છે ત્યારબાદ આપ નવા ક્રમશ ક્રમ નંબર લખી બાકી આપ જે માહિતી મેળવવા માંગતા હોય એ લખી મોકલજો.

માહિતીની અરજી ટપાલ યા રૂબરુ આપી શકાય છે.
ખાનગી કુરિયર સર્વિસનો ઊપયોગ કરવો નહીં.

સરકારી તંત્ર,વ્યવસ્થાનો ઊપયોગ કરો અને સરકારી એકમોનું રક્ષણ કરો. સરકાર આપણી છે એનું જતન, પાલન, પોષણ, સદઊપયોગ કરવો એ આપણી પ્રાથમિક ફરજ છે. આરટીઆઈ અરજી કરો તો આ ૧૩ મુદ્?દા બાદ આપ જે માગુવું હોય એ લખી માગજો. કોઈ માહિતી અધિકારીની મજાલ નથી કે અરજીનો ઈનકાર કરશે.

# આ લે લે લે,સોનાનો ભાવ વધે છે છતાં કોઈ ધરણા, રેલી, કેન્ડલકૂચ, પૂતળા બળતા નથી!

આપણે નાની બાબતોને મોટું સ્વરૂપ આપીએ છીએ. લગભગ રજનું ગજ જેવું. કાંગનો વાઘ કહી શકો. વા વાયો ને નળિયું ખસ્યું ટાઇપ મિડિયમ કલાસ જેવી મેન્ટલ મેન્ટાલિટી..ડુંગર ખોદીએ અને ઉંદર કાઢીએ છીએ, એમ પણ કહી શકીએ. નાની બાબતોને મહત્વ આપીને જિંદગી તબાહ કરીએ છીએ. ઓફ કોર્સ હું લગ્નની વાત કરતો જ નથી. તમારું ચિત ઘરવાળીના જાલિમ જુલ્મો પર સ્થિર થયું હોય એ તો તમારો પ્રોબ્લેમ છે! ક્ષુલ્લક બાબતો પર લક્ષ કેન્દ્રિત કરીને જીવન વિષમય બનાવીએ છીએ તેનું મને વિસ્મય છે.હવે તમે કહો કે તમારી ઉંમર જેટલી તમારી સાઇકલની ઉંમર થઇ હશે. વારંવાર સાઇકલની ચેઇન દિમાગની જેમ ઉતરી જતી હશે. સાઇકલના બ્રેક પેડલ કે સાત વરસથી ચેઇન કવર ન બદલવાની કંજૂસાઈ કરતા હોવ તો પેટ્રોલના ભાવ સિતેરથી વધીને સો થાય કે ડિઝલ ભાવ વધારાની સેન્ચુરી મારે તો તમારે કયાં હિંગ કે ફટકડી છે? ધારો કે તમારી પાસે ટુ વ્હીલર કે ફોર વ્હીલર છે તો પેટ્રોલના ભાવ વધે એટલે વાહન ગમે તે કિંમતે ફટકારીને ઘોડું ગધેડું ખરીદીને ઓફિસ જવાના છો? જો જવાબ નકારમાં હોય તો પેટ્રોલના ભાવ વધારાની હાયહાયને બાયબાય કરોને યાર. તમારે દરરોજ સવાર, બપોર, સાંજે પેટ્રોલ સાથે દવા ગળવાની છે? પેટ્રોલના ભાવ વધારા બાબતે સરદારજી જેવો એટિટયુડ રાખવો. સરદારજી કહે કે સિતેરની સાલમાં સો રૂપિયાનું પેટ્રોલ બાઇકમા ભરાવતો હતો અને આજે પણ બાઇકમાં સો રૂપિયાનું પેટ્રોલ ભરાવું છું. ભાવ કયા વધ્યા છે? સબ ચંગા સી!

સિંગતેલના ભાવ વધે એટલે વગર તેલે હોળી પ્રગટે. ઠીક છે સિંગતેલના ડબ્બે રૂપિયો રોડો હજારની માત્રામાં વધે એટલે જીવ બાળવાનો ? સિંગતેલનો તમારો વપરાશ કેટલો? બે ડબ્બા કે વધીને ચાર ડબ્બા . સિંગતેલના ભાવમાં ડબ્બે ૧૦૦૦ રૂપિયા વધે એટલે ચાર ડબ્બે ૪૦૦૦ વધ્યા. મહિનાના ૩૩૩ વધ્યા?રોજના ૧૦ રૂપિયા વધ્યા ? ૧૦ રૂપિયા એટલે અડધી ચાના પૈસા. આટલા મામૂલી ભાવ વધારા માટે જીવ બાળવાનો? સિંગતેલના ભાવ વધે તો હનુમાનજી મહારાજે ચિંતા કરવાની હોય. તેમને ચડાવવા તેલ જોઇએ છે! તમારા ઘરમાં સ્વિમિંગ પુલ હોય તો ૩૦૦૦-૪૦૦૦ લિટર સિંગતેલ ભરી તેમાં તમે સ્વિમિંગ કરવાના હોવ તો સિંગતેલના ભાવ વધવાની ચિંતા કરો બોસ.ફ્રાન્સના રાણી મેરી આંત્વાઇને જેવું વલણ રાખો. ફ્રાંસમા. લોકોને બ્રેડના ભાવ વધવાના લીધે બ્રેડ મળતી ન હતી ત્યારે પ્રજાજનો રાણી મેરી આંત્વાઇનને રજૂઆત કરવા ગયા. રાણીએ બ્રેડ ન મળે તો કેક ખાવ એવી ઉત્તમ સલાહ આપેલી! અમે પણ કહીએ છીએ કે તેલના ભાવ વધે તો ઘીનો ઉપયોગ વધારો. અન્યથા તેલનો ઉપયોગ ઘટાડી કોલોસ્ટ્રોલ, ડાયાબિટીસ, સ્ટ્રોકથી બચો. સરકાર પારકાના છોકરાને જતિ કરે છે. તેમાં સહયોગ કરો.તમને ખબર છે કે ,નહી તેની ખબર નથી. કેસરની કિંમત કેટલી હોય છે? હું કેસર કેરીની વાત કરતો નથી. દાને દાને પે કેસર કે જુબાં કેસરીની વાત કરૂં છું. આપણે તો કેસરના નામે શેના તાંતણા ચાવીએ છીએ એની મને ખબર નથી. કદાચ મકાઇ ડોડાના રેશમી તાંતણા હોઇ શકે. અસલી કેસરની કિંમત પાંચ લાખ રૂપિયા હોય છે. હું ટન ,ક્વિન્ટલ કે મણની વાત કરતો નથી. એક કિલો કેસરની કિંમત રૂપિયા ૫ લાખ હોય છે એક બે હજારની ભૂલચૂક ભૂલી જવી. હવે વિચારો કેસરની કિંમતમાં રૂપિયા ૨૦ કે ૩૦ હજારનો મામૂલી વધારો થાય તો આપણા કેટલા ટકા? યેસ, આપણે કેસરનો હલવો કે કેસરફેણી તો કરવી નથી. આ હિસાબે જોવા જાવ તો ગુટકા કંપની પાંચ કે દસ રૂપિયામાં ગુટકા વેચીને જબરદસ્ત ખોટ ખાઈને પણ રાષ્ટ્રનિર્માણની કેટલી ખોખલી ખુદાર કામગીરી કરીને ખોટ વેઠી રહી છે!આપણે લીંબુના ભાવ ત્રણસો રૂપિયે કિલો થાય એટલે રમેશ પારેખની કવિતામાં વરસાદથી નાયક નાયિકા આકળવિકળ થાય તેમ આકળવિકળ થઈએ છીએ. અઠવાડિયે અડધું લીંબુ વાપરતા ન હોય એ લોકો ઊછળી ઉછળીને ભાવ વધારા વિશે ભદા ભાષણ કરે. માનો કે રોજ છાશમાં લીંબુ નિચોવીને પીતા ન હોય. લીંબુ સસ્તા હોય તો તાંસળી ભરીને લીંબુરસનું સેવન કરતા હોય તેવો તાલ કરે છે.લસણ-ડુંગળી તામસિક ભોજન છે. નાણામંત્રી વિરક્ત મહિલા છે. આહારમાં લસણડુંગળીનો ઉપયોગ કરતા નથી. જે ગામે જવું ન હોય તેનો રસ્તો શું કામ પૂછવો જોઇએ એવી સલાહ જ્ઞાનીજનો અજ્ઞાનીજનોને આપી ગયા છે. જે લોકો લસણડુંગળી ખાતા ન હોય એ લોકો લસણ ડુંગળીના ભાવ વધારાને શા માટે તવજ્જુ આપે? ચાહે તે નાણામંત્રી હોય !તેનાથી શો ફરક પડે છે? તમે ડુંગળીનો શીરો બનાવવાના છો? તો ડુંગળીના ભાવ વધારાથી ચિંતા કરવાની હોય!

દસ રૂપિયે વેચાતા ટમેટાંનો ભાવ વધીને ચાર સો થાય એટલે શું થયું! શું તુલસીદાસ ચંદનનાં બદલે ટમેટા ઘસીને રઘુવીરને તિલક કરશે? જયારે રામ શબરીની ઝૂંપડીએ જશે ત્યારે શબરી બોરને બદલે ટમેટા ચાખીને એંઠા ટમેટા ધરાવશે?સુદામા કૃષ્ણને મળવા જશે ત્યારે તાંદુલને બદલે ટમેટાની પોટલી લઇને જશે? દ્રૌપદી સ્વયંવરમાં મત્સયવેધને બદલે ટમેટાંવધનું આયોજન કરશે? દુર્યોધન એમ કહેશે કે ટમેટાની ચીરી જેટલી જમીન પણ પાંડવોને નહી આપું? કૃષ્ણ ભગવાન પાર્થને કહેશે કે ચડાવો ટમેટા. હવે તો યુધ્ધ એ જ કલ્યાણ!ટમેટા સિવાય કોબીજ નાંખીને ચના જોર ગરમ ખાઇ લેવાના! આનાથી વધારે કયો ભોગ આપવાનો છે??

ડુંગળીના ભાવ વધે એટલે હોબાળો. આદુના ભાવ વધે એટલે બહાલ. મરી મસાલાના ભાવ વધે એટલે હલ્લાબોલ. પેટ્રોલના ભાવ વધે એટલે કકળાટ.ગેસ સિલિન્ડરના ભાવ સાડા ચારસો થયા કે હાલના મહિલા મંત્રી ગેલનો ખાલી બોટલો લઇ સડક પર ઉતરેલ. લોકોને બે ગેસ બોટલ જોઇને મજા પડેલી! અર્થશાસ્ત્ર ફુગાવા માટે લાલ જાજમ બિછાવે છે અને એકવીસ તોપની સલામી આપે છે. મંદીમાં ભાવોનું સતત સંકોચન થાય!શરૂમા સારૂં લાગે. પરંતુ, પછી ગળામાં હાડકું ફસાયું હોય કે ગળે ઘંટીનું પડ બાંધ્યું હોય તેવું લાગે! ભાવે વધવાનો ફૂલ ગુલાબી કકળાટ( કયાં લગી કાળો કકળાટ શબ્દ સહન કરવાનો?) કરવા છતાં ફલેટ., બંગલા, કાર, એસી, ફ્રીઝનું વેચાણ વધે છે! ભાવ વધારો થવા છતાં લોકો દેખાદેખીમાં તાણીતૂંસીને દેવું કરીને ઘી પીવા ઉપરાંત ધોમ ખરીદી કરે છે!

આપણે ત્યાં એક વસ્તુના ભાવો વધ્યા હોય છતાં દેશ બંધનું એલાન આપ્યું હોય. વિરોધ પ્રદર્શન થયા હોય તો અમને જાણ કરજો. જે વસ્તુના ભાવ વધેલ હોય તેને દૂધ, શાકભાજી, બટેટાની જેમ રોડ પર ફેંક્યા હોય કે ઢોરને ખવડાવી હોય તેવું બન્યું હોય તો કહેજો! લોકોએ વિરોધનો હરફ ઉચ્ચાર્યો હોય કે બોસ તેનો બોયકોટ કર્યો હોય તો કહેજો. મીણબત્તી રેલી,ધરણા, દેખાવ,રેલી, પ્રદર્શન તો બાજુએ રહ્યા. પરંતુ, તેની ખરીદી ઓછી કરી હોય તો કહેજો!આ વસ્તુ કેસર કરતા પણ મોંઘી છે! તમે માથું ખંજવાળશો,નખ કરડશો તો પણ જવાબ નહીં આપી શકો એની મને ખબર છે! ચાલો, હું તેનું નામ કહી દઉં ! તેનું નામ સોનાચાંદી છે. સોનાચાંદી ક્વિન્ટલ, મણ, રતલ, પાઉં, કિલો, શેરના ભાવે તોલાતુ નથી. માત્ર દસ ગ્રામ એટલે કે એક તોલાનો ભાવ હાલમાં ચુંમોતેર હજાર રૂપિયા છે!એક સો ગ્રામના ચુમોતેર લાખ થયા.આટલા રૂપિયાનાં તો થ્રી બીએચકે ફલેટ આવે!એક કિલો સોનાના સાત કરોડ ચાલીસ લાખ થયા . એટલા રૂપિયામાં ફાઇવ કે સિકસ બેડરૂમનો બંગલો અમદાવાદમાં મળે!આઝાદીના અમૃતકાળની ગોલ્ડન એચિવમેન્ટ છે! સોનાના ભાવમાં થયેલા તોતિંગ ભાવ વધારા થવા છતા,કોઇના પેટનું પાણી કે વિહીસ્કી હલતી નથી!આઝાદી મળી ત્યારે સોનાનો ભાવ ટ્રિપલ ફિગરમાં હતો! એટલે કે માત્ર સો રૂપિયા હતો કેમ કાનમાં ધાક પડી ગઇ? આઝાદી સમયના સોનાના ભાવ અને હાલના ભાવમાં માત્ર અડસઠ હજાર જેવો કાનખજૂરાના પગ જેવો નજીવો, નગણ્ય અને મામૂલી વધારો થયો છે!

મે ૨૦૦૬માં સોનાના ભાવ ૧૦ હજાર રુપિયા પ્રતિ ગ્રામ હતો. અને આજે અડસઠ હજાર રુપિયા પ્રતિ ગ્રામ પર પહોચી ચુક્યો છે. એટલે આમ જોઈએ તો સોનુ અઠાવન હજાર રુપિયા મોઘું થયુ છે.અમે એક અનર્થશાસ્ત્રી છીએ.તમે તાંબના પતરા પર કે સોનાના પતરા પર ડંકે કી ચોટ પર લખી રાખજો કે એક તોલા સોનાનો ભાવ લાખ રૂપિયા થઇ જશે તેવી અમારી નિરાધાર આગાહી છે. એક કિલો સોના માટે કેવળ દસ કરોડ રૂપિયા ચૂકવવાનો દમ દેખાડજો!એક નંબર બે નંબર કે દસ નંબરનું જેટલું નાણું હોય તો જેટલું ખરીદી શકાય તેટલું સોનું ખરીદ કરી લેજો. પછી કહેતા નીચે કે તમે કહ્યું નહી!

હવે ખબર પડે છે ને કે રામ વનવાસ ભોગવતા હતા ત્યારે સીતા માતાના કહેવાની કેમ સુવર્ણ મૃગનો શિકાર કરવા ગયેલા! કેમ કે, હરણનું વજન આઠસો દસ કિલો હોય છે. ( સૌથી મોટા મૂસે હરણનું વજન આટલું હોય છે!)આજના સોનાના ભાવે હરણ ૫૪,૬૭,૫૦,૦૦,૦૦૦ રૂપિયા પૂરા એટલે કે સોનેરી મૃગ પાંચ હજાર ચારસો સડસઠ કરોડ અને પચાસ લાખ રૂપિયાનું હતું! આટલા કિંમતી હરણમાંથી કાંચળી સિવડાવવાની સીતા માતાજીમાં જીગર કરે ખરા? જીએસટી વિના સોનાનું હરણ વેચે તો નાંખી દેતા પાંચ હજાર કે સાડા ચાર હજાર કરોડ રૂપિયા તો નાંખી દેતા ઉપજે. કદાચ આટલા રૂપિયા તો કુબેર પાસે પણ નહીં જ હોય! વોટ ડુ યુ સે કુબેર ભગવાન?જો કે સોનેરી મૃગનો રોલ માયાવી મારિચ અદા કરતા હોઇ ‘હે લક્ષ્મણ ‘ જેવો ટૂંકો ડાયલોગ બોલી રંગભૂમિમાંથી એકઝિટ લેતાં પ્રભુએ અધધધ રૂપિયાથી હાથ ધોવા પડેલા. નહિંતર આટલા રૂપિયામાંથી બહુ વગોવાયેલ બોફોર્સ તોપ, રાફેલ વિમાન કે પરમાણુબોમ્બ ખરીદ કરીને રાવણ સામે લેટેસ્ટ વેપન્સ સાથે લડાઇ કરી શકયા હોત !

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO : 126.**
નામ : મોહનભાઈ આનંદ
શબ્દઃ ૩૫૦
વિષયઃ આકૂળ-વ્યાકુળ
શિર્ષક : મનની મથામણ

માનવીનો દેહ મળ્યો એ દુર્લભ છે. કારણકે એ ધર્મ અને કર્મમાં પ્રવૃત થવાનું સાધન છે, જે તમારા સંચિત કર્મો માંથી નિયતિ દ્વારા નિશ્ર્ચિત પ્રારબ્ધ કર્મ ભોગવવા, તથા નવા ક્રિયમાણ કર્મ કરવા માટે મળ્યો છે, આ સ્થૂળ શરીર, ઈન્દ્રિયો અને મન તથા બુદ્ધિ બંધાય સાધન માત્ર છે.પરંતુ દ્રઢ દેહ અધ્યાસ આને કામના ની પૂર્તિ માટે જીવ મનની શક્તિઓથી અજાણ પ્રકૃતિમાં સકામ ભાવથી કર્મની જાળમાં ફસાઈ ગયો.

હું કરું છું એ અજ્ઞાન છે, એવી ઘેલી ઘેલી વાતો કરનારા પણ વ્યથાની કથામાં સહજ ફસાઈ જાય છે, કારણકે સંયમી નથી,
પરિણામે તેઓની દુર્ગતિ થાય છે.એવા દાખલા સંસારમાં મોજૂદ છે.માણસ મનમાં રહેલી ભોગવૃતિ, તીવ્ર ઈચ્છા જ મનને વ્યાકૂળ બનાવે છે.

પ્રકૃતિમાં ઘટનાઓ એકદમ ઘટતી નથી એની પાછળ કાર્ય કારણનો સિધ્ધાંત છે, તથા આપણા કર્મ, પરિસ્થિતિ અને દેશ કાળ પણ મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. સકામ ભાવથી તમે કરેલા બધાજ કર્મ તત્કાળ પ્રદાન કરતા નથી, અથવા તમારી મમતા કે,ચાહ પ્રમાણે જ થવું જોઈએ એ હઠાગ્રહ જ તમને વ્યથાની પ્રાપ્તિ કરાવે છે,

મનોવ્યથા પ્રતિતિ માત્ર છે. સાચી સમજણ હોય અને અનાસક્તિ પૂર્વક વ્યવહારમાં જીવન જીવવાની જડીબુટ્ટી હોય તો વ્યથા પલાયન કરી જાય છે. જ્યાં અહંકાર છે, ત્યાં મમત્વ અને મારું છે, એ ભાવનાથી વિપરીત પ્રતિકૂળતા જ વ્યથાને જન્મ આપે છે.

ડાહ્યો ડમરો માણસ તો ગીતાજ્ઞાનની અનપેક્ષિત ભાવના દ્વારા જીવનમાં આનંદ પૂર્વક વ્યવહારિક સામાજિક જીવન જીવી મુક્તિ નો સહજ આનંદ સરળતાથી માણે છે.ૐ તંત સત્.

તારા મારી , હુંસાતુંસી, બીજાનો હક પડાવી લેવાની ભાવના જ વ્યથાને ઉત્પન્ન કરે છે, ઘણીવાર પરિસ્થિતિ પણ અનૂકુળ ના હોય, કોઈ વ્યક્તિ કે સમય તમારી ઈચ્છા માં બાધારૂપ બને,તોપણ મન વ્યથા અનુભવે છે.

માટે
સહજ સ્વાભાવિક પ્રાકૃતિક જીવન જીવવાની કળા જાણો. આખું બ્રહ્માંડ ઈશ્વરની કૃપા દ્રષ્ટિ થી તમારી ઉન્નતિ માટે છે, તમે બીજાનું કલ્યાણ ઈચ્છો ઈર્ષા નો ત્યાગ કરો અને પ્રેમપૂર્વક જીવો તો વ્યથા ગાયબ થઈ જશે.આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

મોહ સકલ વ્યાધિનું મૂળ છે, પ્રેમ અને ત્યાગ એની દવા છે.જ્યા નિષ્કામ ભાવ હોય ત્યાં પ્રેમ અને પૂર્ણતા છે, સકામ ભાવથી તો મનની વૃત્તિઓ સુખદુઃખની અનુભૂતિ દ્વારા વ્યથામાં ધક્કો મારી દે છે.માટે સાવધાન રહેવું જોઈએ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : " આકુળ વ્યાકુળ "
શીર્ષક : " ગમતું નથી "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૬૩.
નામ : શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

કાન્હા વિના ગોકુળમાં ગમતું નથી કોઈને,
આકુળ વ્યાકુળ મન રહે, શું કહેવું કોઈને?

જ્યારથી ગયો છે કાન્હો ગોકુળને છોડી,
તૂટયાં છે દિલ, તૂટી રાધા કૃષ્ણની જોડી,

આકુળ વ્યાકુળ કૃષ્ણ છે ગોકુલને ખોઈને,
કાન્હા વિના ગોકુળમાં ગમતું નથી કોઈને,

ગોકુળની શેરીઓ, હવે સૂનકાર લાગે છે,
ના કોઈ ઘમર વલોણાના ઘમકાર વાગે છે,

આકુળ વ્યાકુળ 'શ્યામ' વિણ રોઈ રોઈને,
કાન્હા વિના ગોકુળમાં ગમતું નથી કોઈને,

" શ્યામ ગોયાણી "( શિવેન્દ્રનગર )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 232**
વિષય : આકુળ વ્યાકુળ
શિર્ષક : ભક્ત અને ભગવાન
પ્રકરાર : કાવ્ય - અછાંદસ
શબ્દ : ૧૨૦ નામ : અશ્વિન જાની
ભક્ત અને ભગવાન

દોડાદોડી,
ધમ્માચકડી,
પડાપડી,
સૌ આકુળ વ્યાકુળ.

પૂનમે દરિયો જેમ ઊછળે,
ભક્તિભાવ ભક્તોમાં ઊછળે.

માણસ હતો,
તો,
સીધો હતો.
ભક્ત થયો,
તો,
આકુળ વ્યાકુળ.

દ્વાર ખુલે તો, દોડી પડું,
જઈ, ભગવાનને પકડી પાડું.

બારણાની તિરાડ માં જોયું,
દશ્ય જોયું, તો આકુળ વ્યાકુળ.

તને ચઢેલા ફૂલોના ઢગલા,
વેચાય સરે આમ, શ્રી શકનના

તુ તારી જગ્યા પરથી,
આઘો પાછો થયા કરે.
દ્વાર સામે જોયા કરે.
આકુળ વ્યાકુળ થયા કરે.

દ્વાર ખુલતા તારે ભાગવું છે.
વૃધ્ધાશ્રમ, અનાથઆશ્રમ...
બધે તારે ફરી વળવું છે.
માથે વાંહે હાથ ફેરવી,
સૌને હિંમત દેવી છે.

મળવા તને, ભક્તો આકુળ વ્યાકુળ.
તુ ભક્તો ને મળવા, આકુળ વ્યાકુળ.

બસ દ્વાર ખુલે ને..
તુ બહાર ને ભક્તો અંદર...

દોડાદોડી,
ધમ્માચકડી,
પડાપડી,
સૌ આકુળ વ્યાકુળ.

અશ્વિન જાની.૩૦ એપ્રિલ ૨૦૨૪

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 209**
વિષય - આકુળ- વ્યાકુળ
શીર્ષક- રહેવું સ્વસ્થ
પ્રકાર - પદ્ય. શબ્દો-૭૬
નામ- સુધા જે. પુરોહિત.'સ્વધા'

આકુળ- વ્યાકુળ
પ્રેમની આવે પરાકાષ્ઠા,મળવાં હૈયા બને આતુર
આકુળ-વ્યાકુળ બનીને,રાહ જોતાં,માણે મિલનની પળ.
ઋતુચક્ર બદલે મિજાજ,વધતી ઠંડી, ગરમી,બનીને આકુળ વ્યાકુળ સહેતાં સૌ જન

હોય પરીક્ષાની ઘડી કે હોય પરિણામની,સંતાન સંગ માતાપિતા બને આકુળ- વ્યાકુળ.

જામ્યો ચૂંટણીનો જંગ,આવી પરિણામની ઘડી
આકુળ-વ્યાકુળ બનતાં નગરજન.
વધે મોંઘવારી,આવે અતિ સંકટ,કે હોય અન્ય પ્રસંગ આકુળ-વ્યાકુળ થાય મન.

'સ્વધા' કહે ન અકળાવું, આવે તે સહન કરવું , આકુળ-વ્યાકુળ ન બન, કર ધારણ સ્વસ્થ મન.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**
પ્રકાર - પદ્ય શબ્દ -૧૬૮
વિષય : આકુવ્યાકુળ

મુશીબતો તો આવે ને જાય,એમાં આકુવ્યાકુળ થવાની જરૂર નથી.
પ્રશ્નો તો ઘણા ઊભા થાય,એમાં આકુળવ્યાકુળ થવાની જરૂર નથી.

નફો ને નુકશાન તો જીંદગીમાં કાયમ આવતા જતા જ રહેવાના,
જો થોડું ગુમાવ્યું તો શું ! એમાં આકુળવ્યાકુળ થવાની જરૂર નથી

જીંદગી એક રમત છે, ઈચ્છા હોય કે ના રમવી ખુબ જરૂરી છે,
પાસા અવળા પલટાય, એમાં આકુળવ્યાકુળ થવાની જરૂર નથી.

આયોજનો પણ અવળા પડે છે, એનો હર્ષ કે શોક શું કરવાનો,
જો આડુંઅવળું થાય તો, એમાં આકુવ્યાકુળ થવાની જરૂર નથી.

નિષ્ફળતા કાયમ નિરાશા તરફ દોરી જતી હોય છે, બેધ્યાની માં
થોડા પ્રયત્નો નિષ્ફળ જાય,એમાં આકુવ્યાકુળ થવાની જરૂર નથી.

એકવાર હાર્યા તો જીંદગી હારી ગયા સાવ એવું શા માટે માનવું ?
બિન્દાસ નવો દાવ ફેકો , એમાં આકુળવ્યાકુળ થવાની જરૂર નથી.

અફરાતફરી થી કોઈ ઉકેલ જડતો નથી ઉલ્ઝનો નો જો સમજો તો,
ખાલી ચિત્તને ચસકવા ના દો,એમાં આકુળવ્યાકુળ થવાની જરૂર નથી.

" મિત્ર " ક્યાં સુધી ડરતા રહેશો, ફડફડતાં રહેશો મોતના ખોફ થી તમે,
એકવાર હાથતાળી દઈ જાય તો,એમાં આકુવ્યાકુળ થવાની જરૂર નથી.

વિનોદ સોલંકી " મિત્ર " લખતર .

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS. :227**
વિષયઃ આકુળ વ્યાકુળ
શીર્ષકઃ આકુળ માનવીની વ્યાકુળ જિંદગી
પ્રકારઃ પદ્ય. શબ્દ સંખ્યાઃ ૯૧
આકુળ માનવીની વ્યાકુળ જિંદગી
આકુળ માનવી જિંદગીની મોહમાયા માં વ્યાકુળ,
જીંદગીની રેસમાં ને હારજીતની દોડમાં આકુળ વ્યાકુળ.
આકુળ માનવી તડકાની તૃપ્તી માટે વ્યાકુળ,
શીતની ઠંડી માં રવિ કિરણ માટે આકુળ વ્યાકુળ.
આકુળ ખેડૂત વર્ષાના એક બુંદ માટે વ્યાકુળ,
મયુરના ટહુકા સાંભળવા બને આકુળ વ્યાકુળ.
આકુળ નવોઢા પિયુ માત્ર માટે વ્યાકુળ,
શેરીએથી મારો પિયુ આવે જાણી બને આકુળ વ્યાકુળ. આકુળ શિષ્ય
મહેનત કરી વરસ આખુ થાય વ્યાકુળ,
પરિણામ શું આવે વિચારી થાય આકુળ વ્યાકુળ.
આકુળ માતા બેઠી બા'રે બાળ માટે વ્યાકુળ,
છાતી સરસો ચાંપવા બને આકુળ વ્યાકુળ.
આકુળ પશુ-પંખી તરુની ડાળ માટે વ્યાકુળ.
તોતિંગ ઈમારત રસ્તા જોઈ બને આકુળ વ્યાકુળ.
સેજલ પટેલ(સેજસ્મી)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS: 171**
વિષયઃ આકુળ વ્યાકુળ
શીર્ષકઃ ક્ષણભંગુર
પ્રકારઃ પદ્ય. શબ્દ સંખ્યાઃ ૯૫

કાળ કળિયુગ છે, કોણ નથી આકુળ-વ્યાકુળ?
ઘર-બહાર, નાના-મોટા, મિત્ર વર્તુળ છે વ્યાકુળ.

સોળ વરસની છોરી થઈ ઉડવું ગૂમવું ખૂબ ગમે,
ઉપર અંબર, નીચે ધરા, ઉપવન છે ઘણું મધુર.

સુનો વગડો, સુનો ઝરણું, સઘળું છે સુનું સુનું,
વાલમ મારો રાહ જોતો, કેવો હશે એ આતુર!

જટ જાવું, જટ આવું, માણું સઘળું સઘળું,
શમણાંની સુનામીમાં મારું, હૈયું થયું છે વ્યાકુળ.

પંથે નદી, નાળા, વહેણ, વાંધાનો છે અવરોધ?
છતાંય આવું છું, પણ, પરણેલા લાગે છે વિધુર!

'નંદી' પ્રેમનો છે વેરી, જોને આ જગને જમાનો!
નસીબે જીવી લઈશું, નહીં તો થાશું ક્ષણભંગુર.

હિંમતનગર. -- ટી.કે.વાઘેલા 'નંદી'

# શું વર્ષ ૨૦૨૪માં ક્ષત્રિય અસ્મિતા આંદોલનમાં મતદારોને રીજેક્ટ લીસ્ટમાં રાખવામાં આવશે ?

**વર્ષ ૨૦૧૫માં મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં પાસ આંદોલન સમયે મતદારોને રીજેક્ટ લીસ્ટમાં રાખી મતના અધિકારથી વંચિત રાખવા આવ્યા હતા.**

**ક્ષત્રિય મતદારોને ટાર્ગેટ કરી અને મતદારોને રીજેક્ટ લીસ્ટમાં ન રાખવામાં આવે તે માટે મુખ્ય ચૂંટણી પંચ આગોતરી તકેદારી રાખે તેવી કોંગ્રેસની રજુઆત.**

આજ રોજ પ્રેસ વાર્તાને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ ચિંતા વ્યક્ત કરતા મુખ્ય ચૂંટણી આયોગને રજૂઆત કરી હતી કે જે પ્રમાણે વર્ષ ૨૦૧૫ માં જયારે પાટીદાર (પાસ) આંદોલન પુરજોરમાં હતું ત્યારે મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં લાખોની સંખ્યામાં મતદારોને રિજેક્ટ લીસ્ટમાં મૂકી દેવામાં આવ્યા હતા. તેજ પ્રમાણે વર્ષ ૨૦૨૪ માં સામન્ય ચૂંટણીમાં ક્ષત્રિય આંદોલન ના સમયે પણ જે ગામોમાં, તાલુકા અને શહેરોમાં ક્ષત્રિયોની વસ્તી છે ત્યાં આ પ્રકારની પરિસ્થિતિ બની શકે છે.

ગુજરાત રાજયમાં ૫૦ લાખ થી વધુ ક્ષત્રિય ભાઈઓ બહેનો નારી અસ્મિતા મુદ્દે આંદોલન કરી રહ્યા છે ત્યારે ચુંટણી આયોગ નિષ્પક્ષ રીતે કામગીરી તેવી માંગ સાથે સરકાર વિરૂદ્ધ ના મતદારો ને ટાર્ગેટ કરીને રદ કરવામાં ન આવે અને તેમના મતદાનના અધિકારો ન છીનવાય તેવી માંગ કરી હતી.

વર્ષ ૨૦૧૫માં સ્થાનિક સ્વરાજ્યની મહાનગરપાલિકાની ચૂંટણીમાં અમદાવાદ જેવા શહેરમાં કેટલાક વોર્ડમાં ૧૦૦૦ થી ૪૦૦૦ સુધીના મતો રીજેક્ટ લીસ્ટમાં મુકવામાં આવ્યાં હતાં. માત્ર અમદાવાદ શહેરમાં આશરે એક લાખ થી વધુ મતોને મતદારયાદીમાંથી રદ કરવામાં આવ્યાં હતાં. અમારા સર્વે મુજબ છ મહાનગરપાલિકાઓમાં આશરે ૨.૫૦ લાખ થી વધુ નામોને રીજેક્ટ લીસ્ટ એટલે કે રદ કરવામાં આવ્યાં હતાં. મુખ્ય ચૂંટણી આયોગને અને ગુજરાત ચૂંટણી આયોગને સરકાર વિરૂધ્ધના મતદારો ટાર્ગેટ કરીને રદ ન કરવામાં આવે તેની તકેદારી રખાય તે મુદ્દે ઈ-મેઈલ કરવામાં આવ્યો હતો અને આવનારા સમયમાં ચૂંટણી પંચને રૂબરૂ મળીને પણ આ વિશે કોંગ્રેસ પક્ષ દ્વારા રજુઆત કરવામાં આવશે. ચૂંટણી પક્ષ નિષ્પક્ષ કામગીરી કરીને ગુજરાતના મતદારોને પોતાના મતદાન અધિકારથી વંચિત ના રહે તેની તકેદારી રાખવા માટે અમો ચૂંટણી પક્ષને રજુઆત કરી હતી.

જે પ્રમાણે ક્ષત્રિય આંદોલન વેગ પકડી રહ્યું છે ત્યારે ગુજરાત પોલીસ દ્વારા કેટલીક જગ્યાએ યુવાનોને ટાર્ગેટ કરી ગેરકાયદેસર રીતે ડીટેન કરવા તથા મહિલાઓને નજરકેદ કરવાના કિસ્સા સામે આવી રહ્યાં છે. મીડીયાના માધ્યમથી ગુજરાતના પોલીસવડાને નિવેદન કરીએ છીએ કે જે પોલીસ અધિકારીઓ, કર્મીઓ, ગુજરાતની જનતાના નહિ પણ ભાજપના સેવક બની કામ કરી રહ્યાં હોત તેમને નિર્દેશ આપે કે પોલીસની કામગીરી નિષ્પક્ષ રીતે થાય. કેટલાક દિવસો પહેલા ભરૂચમાં ક્ષત્રિય યુવાનોને રાત્રે અને દિવસે ડીટેન કરવામાં આવ્યાં, એક યુવા ક્ષત્રિય આગેવાન જોડે અણછાજતુ વર્તન કરવામાં આવ્યું. ગેરવ્યાજબી શબ્દો બોલવામાં આવ્યાં, તેવી વિગતો બહાર આવી છે. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મહિલા જોડે પણ ઝપાઝપી-બોલચાલના કિસ્સા સામે આવ્યાં છે. પોલીસ જોડે નિષ્પક્ષતાની અપેક્ષા રાખતા આ પ્રકારના પોલીસ સમુદાયને બદનામ કરતા પોલીસ કર્મીઓને પોતાની જવાબદારીનું ભાન થાય તેવા પગલા લેવાની માંગ કરીએ છીએ. પોલીસ જો નિષ્પક્ષ કામગીરી નહી કરે તો આવનારા સમયમાં માનવ અધિકાર આયોગ તેમજ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ભાજપમાં હિંમત હોય તો કોંગ્રેસના ન્યાય પત્ર અને ભાજપના મેનીફેસ્ટ્રોના મુદ્દા આધારીત ચર્ચા કરે

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધન કરતા રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રીશ્રી અશોક ગેહલોતજીએ જણાવ્યું હતું કે, દેશમાં લોકસભાની ચૂંટણીના બે તબક્કા પૂર્ણ થયા છે ત્યારે વડાપ્રધાનશ્રીને સાચી પરિસ્થિતિની ખબર પડી ગઈ છે. જેના કારણે મુદ્દા પર વાત કરવાની જગ્યાએ નિમ્ન કક્ષાની અને બેતુકી વાતો કરે છે. આદરણીય રાહુલ ગાંધીએ ૧૦ હજાર કિ.મી. જેટલી ભારત જોડો યાત્રા અને ભારત જોડો ન્યાય યાત્રા દ્વારા કન્યા કુમારીથી કાશ્મીર અને મણીપુર થી મુંબઈ સુધીની પદયાત્રા કરી. દેશના લોકોની સમસ્યાઓ, મુશ્કેલીઓ અને અપેક્ષાઓને ધ્યાને રાખીને કોંગ્રેસ પક્ષના મેનીફેસ્ટ્રો 'ન્યાયપત્ર' બનાવવામાં આવ્યું છે. જેમાં પાંચ ન્યાય ૨૫ ગેરન્ટી આપી છે. પરંતુ ભાજપ ન્યાયપત્ર અંગે જુઠ્ઠાણું ફેલાવી રહી છે. કોંગ્રેસપક્ષ પડકાર આપે છે કે ભાજપમાં હિંમત હોય તો કોંગ્રેસના ન્યાય પત્ર અને ભાજપના મેનીફેસ્ટ્રોના મુદ્દા આધારીત ચર્ચા કરે. ભાજપ લોકશાહીને ખતમ કરવા સતત પ્રયાસ કરી રહી છે. દુનિયાભરના દેશો ભારતની લોકશાહી અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે.આજે દેશમાં ક્યાંક લોકશાહી ખતરામાં છે. તો ક્યાંક બંધારણ બદલવાની વાત ભાજપના નેતાઓ કરી રહ્યાં છે. દેશમાં બે રાજ્યના ચૂંટાયેલા મુખ્યમંત્રી જેલમાં જોવા મળી રહ્યાં છે, ખેડૂતો આત્મહત્યા કરી રહ્યાં છે, યુવાનોને રોજગારી નથી, તેવા સંજોગોમાં વડાપ્રધાનશ્રી આ મુદ્દાઓ પર વાત કરવાની જગ્યાએ જમીન અને ભેસ, મંગળસુત્ર, પાકિસ્તાનની વાતો કરે છે. આ પ્રકારની ભાષા કોઈ વડાપ્રધાનની હોઈ શકે નહી.

દેશનાં રૂપિયાનું સતત અવમુલ્યન થયું છે. એટલું જ નહી દેશ 'હંગર ઈન્ડેક્સ'માં, 'લોકશાહી સૂચકાંક'માં, 'પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ'માં, 'માનવ વિકાસ સૂચકાંક'માં, દેશ 'બેરોજગારી સૂચકાંક'માં, 'આર્થિક અસમાનતાના સૂચકાંક' ચિંતાજનક છે અને ૧૦ વર્ષ માટે ભાજપ સરકાર હિસાબ આપવાને બદલે ભાજપ લોકોને ભ્રમિત કરી રહી છે. ૬૦ વર્ષમાં દેશનું દેવુ ૫૫ લાખ કરોડ હતું જ્યારે ૨૦૧૪ થી ૨૦૨૪ સુધી એટલે કે, ૧૦ વર્ષમાં મોદી સરકારે ૨૦૫ લાખ કરોડ જેટલુ અધધ દેવુ કરી દેશના નાગરિકો દેવાના ડુંગરમાં ધકેલી દીધા. વડાપ્રધાનશ્રી જ્યારે મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે ખેડૂતો માટે એમ.એસ.પી. ની માંગ કરતા હતા પરંતુ આજે ૧૦ વર્ષ વડાપ્રધાન પદે રહ્યા હોવા છતાં ખેડૂતોને એમ.એસ.પી. મળતી નથી. આ બધી ગેરંટીનું શું થયું જે તમે મુખ્યમંત્રી હતા ત્યારે આપી હતી. કાળુ ધન પાછુ લાવીશું, બે કરોડ રોજગાર, ખેડૂતની આવત બમણી, સહિતની ગેરંટીઓનું શું થયું ? તેનો જવાબ વડાપ્રધાનશ્રી આપે. ભાજપ ધર્મના નામે રાજનીતિ કરી રહી છે. જેમ જેમ ચૂંટણીના તબક્કાઓ આગળ વધી રહ્યાં છે તેમ તેમ મોદીજીની હડબડાહટ સ્પષ્ટ દેખાય છે. બેરોજગારી, મોંઘવારી, ભ્રષ્ટાચાર મુદ્દે વાત કરવાની જગ્યાએ ભેસ કેમ યાદ આવે છે ? તેની પાછળનું કારણ શું ? વડાપ્રધાન જે ભાષાનો ઉપયોગ કરે છે એનાથી લોકોમાં ખૂબ આક્રોશ છે. દેશની મુખ્ય સમસ્યા અંગે વડાપ્રધાન વાત જ નથી કરી રહ્યા.

નાણામંત્રીશ્રીના પતિ કહી રહ્યા છે કે 'ઈલેક્ટોરલ બોન્ડ દુનિયાનું સૌથી મોટું કૌભાંડ છે.' વડાપ્રધાન દેશના લોકોને ભ્રમિત કરવાનું કામ કરે છે. મંગળસૂત્ર અને બે માથી એક ભેંસ લઇ લેવાનું આવું વડાપ્રધાનને બોલે એ ન શોભે. દેશમાં મુદ્દા પર ચર્ચા થઈ રહી છે ત્યારે વડાપ્રધાનજીને ભેંસ કેમ યાદ આવી તે એક પ્રશ્ન છે? મોદીજી લોકોને મંગલસુત્ર, જમીન, ભેંસનું નામ લઈ ભરમાવી રહ્યાં છે. દેશના લોકો આ પ્રકારની ભાષા-ભાજપના હથકંડાઓમાં આવશે નહી અને મુદ્દા આધારીત, ન્યાય, હક્ક અધિકારની વાત કરતી કોંગ્રેસ પક્ષને વોટ આપશે. કોંગ્રેસ પક્ષ દ્વારા જનતાને 'પાંચ ન્યાય'ની સાથે ૨૫ ગેરંટી આપવામાં આવી છે. યુવા ન્યાય, મહિલા ન્યાય, ખેડૂત ન્યાય, શ્રમિક ન્યાય અને હિસ્સેદારી ન્યાય થકી સામાજિક, આર્થિક, રાજકીય અસમાનતા દૂર કરવા અને લોકોને ન્યાય આપવામાં આવશે. ભાજપ અને કોંગ્રેસ માટે અલગ અલગ કેમ કામ કરે છે? રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, મીડિયા ડીપાર્ટમેન્ટના કન્વીનરશ્રી ડૉ.મનીષ દોશી, રાજ્યસભાના પૂર્વ સાંસદશ્રી અમીબેન યાજ્ઞિક, પ્રદેશ ઉપપ્રમુખશ્રી નીશિતભાઈ વ્યાસ, શ્રી બિમલભાઈ શાહ, એ.આઈ.સી.સી.ના વરિષ્ઠ આગેવાનશ્રી ઈમરાન કિડવઈ, એ.આઈ.સી.સીના મીડિયા કો-ઓર્ડીનેટરશ્રી સારિકાસિંઘજી, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખશ્રી ગીતાબેન પટેલ, પ્રદેશ પ્રવક્તાશ્રી હિરેન બેન્કર, શ્રી પાર્થિવરાજસિંહ કઠવાડીયા, શ્રી રત્નાબેન વોરા, કોંગ્રેસ આગેવાનશ્રી એસ.એ.કાદરી ઉપસ્થિત રહ્યા હતા.

# વિકસીત ભારત અને વિકસીત ગુજરાત બનાવવુ હોય ત્યારે તમારો દિકરો દિલ્હીમા બેઠો હોય તો તેને મજબૂત કરવો પડશે. : શ્રી નરેન્દ્રભાઇ મોદી



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો ગુજરાત પ્રવાસનો આજે બીજો દિવસ છે આજના દિવસ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ચાર જાહેરસભા થકી ૯ લોકસભા અને ૩ વિધાનસભા મળીને ૧૨ બેઠકો ના ઉમેદવારને જીતાડવા વિજય વિશ્વાસ સભા સંબોધશે જેમા બીજી સભા સુરેન્દ્રનગગર ખાતે યોજાઇ હતી. આ જાહેરસભામા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સંબોધન કરતા જણાવ્યું કે, ગુજરાતમા ગઇકાલથી આવ્યો છું અને જે રીતે આખુ ગુજરાત ઓવરણા લઇ રહ્યુ છે, ગુજરાત જે રીતે પ્રેમ વર્ષાવી રહ્યુ છે તે જોઇ ગુજરાતનુ રૂણ ક્યારેય નહી ભુલી શકુ. મને પહેલી વાર ધારાસભ્ય સૌરાષ્ટ્રે બનાવ્યો. ગુજરાતે મારુ ઘડતર એવુ કર્યુ છે કે ક્યાય કાચો નથી પડયો. હવે ૨૫ વર્ષનુ લક્ષ લઇ આપણે આગળ વધી રહ્યા છીએ. ૨૦૪૭મા ભારત વિકસીત બને તે દિશામા કામ કરી રહ્યા છીએ.

શ્રી મોદી સાહેબે વધુમા જણાવ્યું કે, વિકસીત ભારત અને ગુજરાત બનાવવુ હોય ત્યારે તમારો દિકરો દિલ્હીમા બેઠો હોય તો તેને મજબૂત કરવો પડશે. મોદી સાહેબે જનતા પાસેથી બે વસ્તુ માંગીને કહ્યુ કે એક મતદાનના જેટલા રેકોર્ડ ગામમા કે બુથમા હોય તે બધા રેકોર્ડ તુટવા જોઇએ અને વધુ મતદાન કરવાનુ છે. બીજુ આ વખતે બધા પોલીંગ બુથ જીતવાના છે.

શ્રી મોદી સાહેબે વધુમા જણાવ્યું કે, તમારો દિકરો આજે દેશના દસ વર્ષના રિપોર્ટ કાર્ડ લઇ ગુજરાત આવ્યો છે. તમે યાદ કરો દસ વર્ષ પહેલા આપણો દેશ લાખો કરોડોના ભ્રષ્ટાચારથી શર્મસાર હતો. કોંગ્રેસે જળ,થલ,નભ એમ સમુદ્ર થી આકાશ સુધી લાખો કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો છે. દસ વર્ષમા ભાજપની સરકારે એક પણ ભ્રષ્ટાચાર કર્યાના સમાચાર સાંભળ્યા છે તેમ સવાલ પણ પુછયા. દસ વર્ષ પહેલા દેશની સરકારથી ગરીબોને વિશ્વાસ રહ્યો નોહતો. દસ વર્ષ પહેલા દુનિયા ભારતને બોજ સમજતી હતી પરંતુ આજે દુનિયામા ભારતનો ડંકો વાગે છે.

શ્રી મોદી સાહેબે વધુમા જણાવ્યું કે, દસ વર્ષ પહેલા ભારત દુનિયાની ૧૧મા નંબરની અર્થવ્યવસ્થા હતી અને આજે ભારતની અર્થવ્યવસ્થા પાંચમા સ્થાને પહોંચી છે. તમને ગર્વ થતો હશે કે દેશે એક ચા વાળા ગુજરાતી દીકારાને બેસાડી સારુ કામ કર્યુ છે. હારની હતાશામા કોંગ્રેસે સમાજમા ભાગલા પાડવાનુ કામ સ્પીડમા વધાર્યુ છે. કોંગ્રેસે હિન્દુઓની આસ્થામા પણ ભેદ કરવાનુ દુસ્સાહસ કર્યુ છે. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લીકા અર્જૂન ખડગેએ ભગવાન રામ અને શિવના સબંધમા ખતરનાક નિવેદન આપ્યુ છે. હિન્દુ સમાજમા ભાગલા પાડવાનુ કામ કર્યુ છે રામ અને શિવ ભકતોમા ભેદ જોવે છે અને લડાવવા માગે છે.

**તમારો દિકરો આજે દેશના દસ વર્ષના રિપોર્ટ કાર્ડ લઇ ગુજરાત આવ્યો છે, તમે યાદ કરો દસ વર્ષ પહેલા આપણો દેશ લાખો કરોડોના ભ્રષ્ટાચારથી શર્મસાર હતો. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

**કોંગ્રેસે જળ,થલ,નભ એમ સમુદ્ર થી આકાશ સુધી લાખો કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

**હારની હતાશામા કોંગ્રેસે સમાજમા ભાગલા પાડવાનુ કામ સ્પીડમા વધાર્યુ છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

**કોંગ્રસેને ત્રણ પડકાર આપુ છું જો તેમનામાં હિંમત હોય તો ચા વાળાના દિકરા જોડે લડે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

**ચોથી જૂને પરિણામ આવશે પછી સંવિધાન સાથે ચેડા કરનારી ગેંગને ખુલ્લી પાડીશ. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

**ત્રીજી ટર્મમા જનતા ભાજપને પ્રચંડ સમર્થન આપી તમામ રેકોર્ડ તોડશે તેવો વિશ્વાસ છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ**

શ્રી મોદીએ વધુમા જણાવ્યું કે, કોંગ્રેસના શહજાદા કહે છે કે હું શક્તિનો વિનાશ કરીશ. જે શક્તિના ઉપાસક કરે છે તે તેમનો સ્વીકાર કરશે ?. જે શિવ અને રામને લડાવવા માગે છે તે કોંગ્રેસનો સ્વીકાર નહી કરે. અમે તો એ લોકો છીએ જેમને શિવજી સમક્ષ કમળ પુજા કરીને અમારુ માથુ કાપીને રાખી દીધુ હતું. કોંગ્રેસ રોંગ ડિલિવરી વાળી પાર્ટી છે. કોંગ્રેસ હવે એસ.સી. ,એસ.ટી.,ઓબીસી પાસેથી લઇ ધર્મના આધારે મુસલમાનોને આરક્ષણ આપવા માંગે છે. કોંગ્રેસે કર્ણાટકમા રાતો રાત ફતવો જાહેર કરી કહ્યુ કે કર્ણાટકમા જેટલા મુસલમાન છે તે ઓબીસી છે. ઓબીસી ક્વોટાને લુટવાનો ખેલ કોંગ્રેસે કર્યો છે. કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો પહેલી નજરમા મુસ્લીમ લીગની છાપ છે. કોંગ્રસેને ત્રણ પડકાર આપુ છું જો તેમનામા હિમત હોય તો ચા વાળાના દિકરા જોડે લડે. પહેલો પડકાર કોંગ્રેસ લખીને બાહેધરી આપે કે ભારતના બંધારણમા કોઇ છેડછાડ નહી કરે,કોંગ્રેસ લખીને આપે કે બાબા સાહેબે જે આરક્ષણ આપ્યુ છે તેને ધર્મના આધાર પર દલિતો,આદિવાસીઓ,ઓબીસી પાસેથી લુટી મુસલમાનોને આરક્ષણ નહી આપે અને ત્રીજો કે કોંગ્રેસ લેખિતમા બાંહેધરી આપે કે દલિતો,આદિવાસ,ઓબીસી અને ગરિબ સમાજને જે આરક્ષણ મળ્યુ છે તે ક્યારેય લુટશે નહી.મે કોંગ્રેસને ૨૩ એપ્રિલે ૩ ચેલેન્જ આપી હતી આજે ૯ દિવસ થયા છે પરંતુ કોંગ્રેસ કોઇ નિવેદન આપતી નથી.

શ્રી મોદી સાહેબે વધુમા જણાવ્યું કે, કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામા તૃષ્ટીકરણની છાપ દેખાય છે. સંવિધાનની બાબતમા ભાજપ કમિટેડ છે. સંવિધાન સાથે ચેડા કરનારી ગેંગને ખુલ્લી પાડીશ, ચોથી જૂને પરિણામ આવશે પછી ખુલ્લા પાડીશ. પહેલી વખત મતદાન કરનાર મતદારોએ કોંગ્રેસની સરકાર જોઇ નથી એટલે ગુગલમા સર્ચ કરી ૨૦૧૨ અને ૨૦૧૩ના છાપા વાંચજો. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનુ સૌરાષ્ટ્રની ધરતી પર સ્વાગત કરુ છું. ત્રીજી ટર્મમા ભાજપને પ્રચંડ સમર્થન આપી મતદારો તમામ રેકોર્ડ તોડશે તેવો વિશ્વાસ છે. પાછલા દસ વર્ષમા મોદી સાહેબે દિવસ રાત જોયા વગર દેશના વિકાસ અને જનકલ્યાણના અવિરત કામ કર્યા છે મોદી સાહેબે જે કહ્યુ છે તે કામ પુરુ કર્યુ છે. ૨૦૧૪મા મોદી સાહેબ પહેલી વખત વડાપ્રધાન બન્યા અને તેમણે પહેલુ કામ નર્મદા ડેમના દરવાજા મુકવાની મંજૂરી આપવાનુ કામ કર્યુ. આ કામ ૪૦ વર્ષ સુધી અટકી રહ્યુ હતું. ગુજરાતના સોરાષ્ટ્રમા ધોલેરા અને હીરાસર ઇન્ટરનેશલન એરપોર્ટ આપ્યા છે. વિકાસ સાથે જનકલ્યાણ માટેની ગેરંટી પણ મોદી સાહેબે ૧૪૦ કરોડ દેશવાસીઓને આપી છે. દરેક વર્ગ જૂથ ના સર્વાંગી વિકાસની ગેરંટી મોદી સાહેબે આપી છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા ભાજપ જ રાષ્ટ્રહિત સર્વોપરી સમજીને ચાલતી પાર્ટી છે. આ જાહેરસભામા ઉમેદવારશ્રીઓ, રાજયકક્ષાના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ પ્રદેશ અને જીલ્લાના હોદ્દેદારશ્રીઓસહિત મોટી સંખ્યામા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સમયસર કોરોનાની રસી આપવાથી ઘણા લોકોના જીવ બચાવી શક્યા છીએ : ડો.ધર્મેન્દ્રભાઇ ગજ્જર




ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, વિશ્વની મોટી મહામારી કોરોના સમયે ભારતમા રસીના ડોઝ આપવામા આવ્યા હતા આ રસીને લઇ કોંગ્રેસ સહિત અન્ય રાજકીય પાર્ટીએ હાર્ટ એટકના કેસ વધી રહ્યા છે તેવા આક્ષેપ કર્યા છે તે સંદર્ભે આજે ભાજપા મેડિકલ સેલના સંયોજકશ્રી ડો.ધર્મેન્દ્રભાઇ ગજ્જર અને ડો. શ્રદ્ધાબેન રાજપુત સહિતના તબીબોએ પ્રદેશ મીડિયા સેન્ટર ખાતે પત્રકાર પરિષદને સંબોધી હતી. ડો.ધર્મેન્દ્રભાઇ ગજ્જરે જણાવ્યું કે, વિશ્વમા કોરોના મહામારીએ ભયાનક તબાહી સર્જી હતી. કોરોના સામે કેવી રીતે દર્દીઓને સુરક્ષીત કરવા તે સંદર્ભે કોઇ દવા હતી નહી. ભારત સહિત ઘણા દેશો કોરોના સામે રક્ષણ મેળવવા માટે રસી ઉપર સંશોધન કરતા હતા અને ભારતે નવેમ્બરમાં રસીના ત્રણ ટ્રાયલ કર્યા હતા. વિવિધ ટ્રાયલમા સફળતા મળ્યા પછી તબીબો ,પેરામેડિકલ સ્ટાફ અને કો-મોરબીટ દર્દીઓને પહેલી રસી આપવા આવી હતી. સમગ્ર દેશમા મોટી સંખ્યામા રસીના ફ્રી ડોઝ આપ્યા હતા. પહેલા પોલીયો,અછબડા સહિતના ઘણા રોગોની રસી ભારતમા આવતા વર્ષો વિતી ગયા પરંતુ કોરોના મહામારીમા ભારતે ઝડપથી રસીનુ સંશોધન કર્યુ હતું.કોંગ્રેસ દ્વારા કોરોનાની રસીને લઇ ખોટો બ્રહ્મ ફેલાવવામા આવી રહ્યો છે કે રસી લેવાથી લોહીની ગાંઠો થાય છે પરંતુ આઇસીએમઆરનો ૨૨ નવેમ્બર ૨૦૨૩ એક ડેટા જાહેર થયો છે તેમા ઉલ્લેખ કર્યો છે કે રસી લેવાથી કોઇ ક્લોટીંગની સમસ્યા થતી નથી. જો રસી આપી ન હોત તો અનેક દર્દીઓના જીવ બચાવી શક્યા ન હોત. રસી આપવાથી ઘણા લોકોના જીવ બચાવી શક્યા છીએ.

ડો.ધર્મેન્દ્રભાઇ ગજ્જરે વધુમા જણાવ્યું કે, રસી લેવાથી ક્લોટીંગની સમસ્યા થાય છે તેવા નિવેદન કોંગ્રેસના નેતા આપી જનતાને ગેર માર્ગે દોરી રહ્યા છે. રસી લેવાથી રીસ્ક ઓછુ થાય છે કોરોનાની રસી ઉપર રાજકારણ કરવુ યોગ્ય નથી. આઇસીએમઆર ની મંજૂરી મળે પછી જ રસી આપવામા આવે છે.

પોડિયાટ્રિસ્ટ અને ટાસ્ક ફોર્સ કમિટિના મેમ્બર ડો. નિશ્ચલભાઇએ જણાવ્યું કે, કોઇ રસી લેવામા આવે ત્યારે તેની આડસર રસી લીધાના એક કે છ અઠવાડીયા સુધીમા થઇ જાય. ટીટીએસના કારણે ક્લોટીગ થાય છે તે મસલ અને બ્રેઇનની નસોમા થતુ હોય પણ હાર્ટમા ક્લોટીગ થવાના કોઇ ફોર્મેશન નથી. રસીના ત્રણ ટ્રાયલ થયા પછી રસી આપવામા આવી છે. કોરોના સમયમા સમયસર લોકસડાઉન અને રસીકરણ કરવાથી મહામારીથી બચી શકયા. હાર્ટમા ક્લોટીગ માટે ખરાબ લાઇફસ્ટાઇલ,સ્મોકીગની ટેવ જવાબદાર હોય છે.



**"માઁ ઉમિયાના આશીર્વાદ " ગીત નું શ્રી ઉમિયા ધામ વાંઢાય (કચ્છ) ખાતે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ, ઉપપ્રમુખશ્રી ડો. પ્રેમજીભાઈ રામજી ગોગારી, મોહનભાઈ કરસન પરવાડિયા , મંત્રીશ્રી બાબુલાલ સામજી ચોપડા , સહમંત્રી ઈશ્વરલાલ નાનજી ભાવાણી, પ્રવીણભાઈ નારાણ ધોળુ, પ્રવીણભાઈ સામજી ધનાણી, ખજાનચીશ્રી ગંગારામ શિવગણ ચૌહાણ અને શ્રી ઉમિયા ધામ વાંઢાય ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.માઁ આરતી નું શૂટિંગ શ્રી ઉમિયા ધામ વાંઢાય ખાતે કરવામાં આવ્યું હતું. મંદિરના પવિત્ર વાતાવરણમાં અને સુંદર મજાના શબ્દો સાથેની માતાજી નું ગીત મીત જગદીશભાઈ મોરી દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવ્યું . જૈમિની લિંબાચીયા મધુર અવાજમાં ગાયું છે. ગીતના શબ્દો પ્રતિકભાઈ આહિરે આપ્યા છે. વીડીયો શૂટિંગ સોરીસ મીડીયા(રાજકોટ) ધાર્મિક ચાંગેલા અને યશ ઈસોટીયા દ્વારા કરવામાં આવ્યું છે.આ ગીત ના સ્પોન્સર 'જીઇ કન્સલ્ટન્સી' અને 'રિનોક્સ - પ્લાય, બોર્ડ અને ડોર - શ્રી રઘુનંદન ઈન્ડસ્ટ્રીઝ' છે.**

# SPU માં ABVP ની સિક્કિમ રાજ્યની વિદ્યાર્થીઓની મીટનું આયોજન




૩૦ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ સિક્કિમ પ્રોફેશનલ યુનિવર્સિટી, ગંગટોકના સેમિનાર હોલમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની સિક્કિમ રાજ્ય વિદ્યાર્થીઓની મીટનું ખૂબ જ ઉત્સાહ સાથે આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી આશિષ ચૌહાણ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના રાષ્ટ્રીય સંગઠન સચિવ હતા. (છમ્ફઁ). મુખ્ય અતિથિ તરીકે, શ્રી આશિષ ચૌહાણે સિક્કિમ પ્રાંતના અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) ના વિવિધ અધિકારીઓ અને કાર્યકરો (કાર્યકર્તા) ને સંબોધતા, એબીવીપીના કાર્યક્રમો અને નીતિઓને સામાન્ય લોકો સુધી લઈ જવા હાકલ કરી. આ સાથે તેમણે રોજગારલક્ષી શિક્ષણના વિવિધ પાસાઓ પર પ્રકાશ ફેંક્યો હતો અને અનેક મહાપુરુષોના ઉદાહરણો રજૂ કર્યા હતા અને તેમની પાસેથી શીખવાનું આહ્વાન કર્યું હતું. તેમણે સંશોધન કાર્ય પર પણ ભાર મુકતા જણાવ્યું હતું કે આપણે દરેક કાર્ય પૂર્ણ કાર્યક્ષમતાથી કરવું જોઈએ અને તે કાર્યમાં સમાજની સંપૂર્ણ ભાગીદારી હોવી જોઈએ. કાર્યક્રમના એ જ ક્રમમાં, એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં છમ્ફઁના વિવિધ અધિકારીઓ, વિવિધ યુનિવર્સિટીઓના અધિકારીઓ, શિક્ષકો, પ્રોફેસરો અને કર્મચારીઓએ ભાગ લીધો હતો. મીટીંગમાં છમ્ફઁ ની વિવિધ આગામી પ્રવૃતિઓ અંગે ચર્ચાઓ અને મંથન થયું હતું અને મીટીંગમાં તમામ સહભાગીઓએ પોતપોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા અને આગામી આયોજનો વિશે માહિતી આપી હતી.

આ પ્રસંગે સિક્કિમ પ્રોફેશનલ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર, પ્રોફેસર રમેશ કુમાર રાવતે સ્વાગત પ્રવચન કર્યું હતું અને છમ્ફઁના રાષ્ટ્રીય સંગઠન સચિવ શ્રી આશિષ ચૌહાણને ખાડા (પટાકા) અર્પણ કરીને અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સ્વાગત કર્યું હતું. આ શુભ અવસર પર પ્રોફેસર રમેશ કુમાર રાવત, રજીસ્ટ્રાર, સિક્કિમ પ્રોફેશનલ યુનિવર્સિટીએ પણ શ્રી અપાંશુ શેખર શીલ, પ્રાદેશિક સંગઠન સચિવ, છમ્ફઁ, પૃથ્વી સિંહ રાણા, સિક્કિમ રાજય સંગઠન સચિવ, છમ્ફઁ, ગણેશ નિયોપાને, સિક્કિમ રાજય પ્રમુખ, છમ્ફઁ, ડૉ. દુર્ગામણી ધકાલ, ભૂતપૂર્વ પ્રમુખ, સિક્કિમ રાજય, એબીવીપી, પ્રો. મહેન્દ્ર સિંહ સેવડા, ઉપાધ્યક્ષ, સિક્કિમ રાજય, એબીવીપી, ડૉ. રાકેશ કુમાર, પ્રોફેસર, સીએયુ, રાનીપૂલ, ગંગટોક, સિક્કિમ, પ્રો. લક્ષ્મણ શર્મા, રજિસ્ટ્રાર, સિક્કિમ યુનિવર્સિટી, ગંગટોક ખાડા (પટાકા) અને સ્મૃતિ ચિન્હ અર્પણ કરીને પ્રો.પ્રા.પ્રા.પ્રા.જ્યોતિ પ્રકાશ તમંગ, પ્રા.ભોજકુમાર આચાર્ય, તમંગ, પ્રા.પ્રદીપ ત્રિપાઠી, પ્રા.રેણુ પંત. આ પ્રસંગે રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓ, કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓનું પણ યુનિવર્સિટી વતી સન્માન કરવામાં આવ્યું હતું.

# સંદેશ ભૂમિ, ધૂળે, મહારાષ્ટ્રમાં અદભુત શ્રામણેર શિબિર યોજાઈ



તારીખ ૨૧ એપ્રિલ ૨૦૨૪ થી ૩૦ એપ્રિલ ૨૦૨૪,આમ કુલ ૧૦ દિવસ માટે સંદેશ ભૂમિ,જી.ધૂળે,મહારાષ્ટ્ર ખાતે એક અદભુત ૧૦ દિવસીય બૌદ્ધ પરંપરા મુજબ શ્રામણેર/શ્રામણેરી શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું.આ આયોજન સંદેશ ભૂમિ સમિતિ ની ટીમ દ્વારા તેમજ બૌદ્ધ ધર્મગુરુ થેરો આદરણીય ભંતે આનંદ જી નાં સાનિધ્યમાં કરવામાં આવી હતી.આ શિબિર માં કુલ ૨૪ લોકોએ ભાગ લીધો હતો.આ તમામ ૨૪ લોકોને બૌદ્ધ પરંપરા મુજબ ૧૦ દિવસ માટે કેસ કંપન સંસ્કાર સહિત,ચીવર પહેરી ને બૌદ્ધ સંસ્કૃતિ નું આદરણીય ભંતે દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવેલ.૧૦ દિવસ માટે સંદેશ ભૂમિ ની ટીમ દ્વારા તેમને અલ્પાહાર તેમજ ભોજન દાન ની વ્યવસ્થા કરવામાં આવી હતી.આ શિબિર માટે અમદાવાદ ગુજરાત થી માનનીય આયુષ્માન સિંહલ બોધિધર્મન જી કે જેઓ મહા ગુજરાત બૌદ્ધ સંઘ ના સંસ્થાપક/સંચાલક છે તેઓને વિશેષ અતિથિ તરીકે આમંત્રણ આપવામાં આવેલ.શિબિર ના સમાપન સમયે આયુ.બોધિધર્મન જીએ એક અદભુત તેમજ ઐતિહાસિક વક્તવ્ય આપેલ.શિબિર ના અંતિમ દિવસે તમામ ને સંદેશ ભૂમિ સમિતિ ની ટીમ દ્વારા પ્રમાણપત્ર પણ આપવામાં આવેલ.જેની સમગ્ર બૌદ્ધ જનસમુદાયે નોંધ લેવી.

# દાંતીવાડા માં ક્ષત્રિય રાજપૂત સમાજનું નારી અસ્મિતા સંમેલન યોજાયું

ભાજપને માં દીકરીઓ ના અપમાનનો બદલો બેલેટ થી આપવા આહવાન કરવામા આવ્યું ...ધરમ રથ ગામેગામ ફેરવવા મો આવશે ...વિશાળ રેલી સભા માં ફેરવાય..

આજરોજ દાંતીવાડા ખાતે ક્ષત્રિય રાજપૂત સમાજનું સંમેલન યોજવામં આવ્યું હતું કરનીસેનાના સુરેશ રાજપૂત ના જણાવ્યા અનુસાર રાજકોટ માં ભારતીય જનતા પાર્ટી ના ઉમેદવાર પુરષોત્તમ રૂપાલાએ વિવાદાસ્પદ અને રાજપૂત સમાજ ની માં બેન ની પ્રતિષ્ઠા ને હાની પહોંચે એવું નિવેદન આપતા હવે રાજપૂત સમાજ એક જૂથ થય ભાજપ ને હરાવવા મેદાને આવ્યો સે જેના ભાગ રૂપે આજરોજ દાંતીવાડા ખાતે ક્ષત્રિય રાજપૂત સમાજ નું સંમેલન યોજી ગામે ગામ બાઈક રેલી નું આયોજન કરેલ રેલી મા ધર્મ રથ ને ગમે ગામ ફેરવવા મો આવેલ અને રાજપૂત સમાજના મહારાણા પ્રતાપ પૃથવીરાજ ચૌહાણ ના બલિદાનો ને યાદ કરવામાં આવેલ તેમજ સભા માં રાજપૂત સમાજ ની નિંદા અને રાજકારણ માં એક પણ ટીકીટ નહિ આપી ભાજપ દ્વારા કરેલ અવગણના ની નોંધ કરી તેનો જવાબ ૭ મી તારીખે મતદાન થી કરવા અપીલ કરવામાં આવેલ રેલી માં અને સંમેલન માં રાજપૂત સમાજ ના તેમજ તેમની સાથે નાની ઈત્તર કોમ પણ જોડાય સમર્થન આપેલ સભામાં મોટી સખ્યામાં રાજપૂત સમાજ સાથે ઈત્તર કોમ ના લોકો હાજર રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.